ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ભલે પધાર્યા : યજમાન 'નમો' હવે મહેમાન બનીને ગુજરાત આવે છે

મોદી માટે કમ સપ્ટેમ્બર : એક તરફ ચાઈના, બીજી તરફ અમેરિકા છે

ભારતના વડા-ધાન નરેન્દ્ર મોદી કે જેઓ અત્યાર સુધી ગુજરાતમાં યજમાન હતા અને વિદેશી મહેમાનોનું સ્વાગત કરતા હતા તેઓ હવે મહેમાન બનીને ગુજરાત આવી રહ્યાં છે. ગુજરાત તેમનું

નકલ અને રિએક્ટ એ બે શબ્દો કોંગ્રેસ ભુલે તો અચ્છે દિન દૂર નથી

સ્વાગત કરશે. ૧૭મી સપ્ટેમ્બરે તેમનો ૬૪મો બર્થ ડે ઉજવવામાં આવી રહ્યો છે. મોદી તેમના માતા હિરાબાના હાથની લાપસી ખાશે.

ચારેકોર ગુજરાતની ચર્ચા છે, ગિફ્ટ સિટી, ગુજરાતી ઢોકળાં અને કઢી

ચુરમાના લાડુ જમશે. ગુજરાતમાં ચીફ મિનિસ્ટર હતા ત્યારે પણ તેઓ તેમના જન્મદિને અચૂક તેમની માતાના આશીર્વાદ લેવા જતા હતા. પીએમ બન્યા તે પહેલાં પણ તેમણે માતાના આશીર્વાદ લીધા

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત



હતા, અને હવે પીએમ બન્યા પછી પ્રથમવાર ગુજરાત આવી રહ્યાં છે ત્યારે યોગાનુયોગ તેમનો જન્મદિન છે. તેમની સાથે ચાઈના ના પ્રેસિડેન્ટ પણ ગુજરાત આવી રહ્યાં છે. વેલકમ ચાઈના પ્રેસિડેન્ટ, વેલકમ પ્રાઈમ મિનિસ્ટર ઓફ ઈન્ડિયા...

સપ્ટેમ્બર-ઓક્ટોબર મોદીને ફળે છે...

સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનો મોદીને હંમેશા ફળે છે. તેમના જીવનમાં બનેલી મહત્વની ઘટનાઓ આ મહિનાઓમાં બની છે. સૌ પ્રથમ તો તેમનો જન્મદિન સપ્ટેમ્બર મહિનામાં આવે છે. તેમણે શાસનની ધૂરા ઓક્ટોબર-૨૦૦૧માં સંભાળી હતી. મોદી એટલા નસીબદાર છે કે તેમના જીવનમાં ચીફ મિનિસ્ટર અને પ્રાઈમ મિનિસ્ટર એમ બન્ને સર્વોચ્ચ પદ તેમને મળ્યા છે. આ મહિનામાં ચાઈના ના પ્રેસિડેન્ટ ઝીનપીંગ ભારતની ધરતી ઉપર પગ મૂકી રહ્યાં છે. આ મહિનામાં જ નરેન્દ્ર મોદી અમેરિકા જઈ રહ્યાં છે. વિઝા નહી આપીને નવ નવ વર્ષથી અમેરિકાએ મોદીને અળગા રાખ્યા છે. હવે અમેરિકાને પણ આ માનવ ઉપર પ્રેમ

● અનુસંધાન પાન-૭ પર

તડામાર તૈયારી - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આગમનના પગલે ગાંધીનગરના પ્રવેશ દ્વારે સર્કલને રંગરોગાન કરી સજાવટ કરાઈ રહી છે. પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમ વખત જ ગાંધીનગર પધારતા પ્રધાનમંત્રીને આવકારવા સમગ્ર વહીવટીતંત્ર અને ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

નરેન્દ્ર મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના પ્રવાસે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૧૬મીએ અમદાવાદ એરપોર્ટ ખાતે ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ માટે ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૧૬મીથી બે દિવસ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવનાર છે ૧૬મીએ બપોરે ૩ વાગ્યે અમદાવાદ વિમાની મથકે આવે ત્યારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહીત પ્રદેશ આગેવાનો અને પ્રદેશ ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે.

વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર ગુજરાતના પ્રવાસે નરેન્દ્ર મોદી આવી રહ્યા હોઈ તેમનું સ્વાગત યાદગાર બને તેવું ભવ્ય સ્વાગત ભાજપ દ્વારા કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

૧૬મીએ સાંજે ત્રિદેવ મંદિર ખાતે એક કાર્યકર્તા સંમેલનનું પણ પ્રદેશ ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાજપા પ્રમુખ અમીત શાહ પણ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં પેટા ચુંટણીમાં જીતનાર ભાજપના ધારાસભ્યોનું નરેન્દ્ર મોદીના હસ્તે સન્માન કરવામાં આવશે.

૧૭મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનારા સરકારી કાર્યક્રમમાં હાજરી આપશે.

રાજ્ય મંત્રીમંડળની બેઠક આ સપ્તાહે નહી યોજાય

ગાંધીનગર, તા.૧૪

પેટા ચૂંટણીઓ બાદ દેશના વડાપ્રધાન અને ચાઈનાના પ્રમુખ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોઈ આ સપ્તાહે પણ રાજ્ય મંત્રીમંડળની બેઠક મોકુફ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણી માટે મંત્રીઓ ચૂંટણી પ્રચારાર્થે જિલ્લાના પ્રવાસે હતાં જેના કારણે ગત સપ્તાહે રાજ મંત્રી મંડળની બેઠક રાખવામાં આવી ન હતી.

આ સપ્તાહમાં આગામી ૧૬મીએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ ઉપરાંત ચાઈનાના પ્રમુખ પણ ૧૭મીએ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે. આ બે મહાનુભાવોના સ્વાગત તેમજ વિવિધ કાર્યક્રમોમાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ અને અધિકારીઓ વ્યસ્ત છે. આથી આ સપ્તાહે પણ રાજ્ય મંત્રી મંડળની બેઠક મોકુફ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સતત બે સપ્તાહ કેબીનેટ બેઠક મળી નથી આથી આગામી સપ્તાહે મળનારી કેબીનેટ બેઠકમાં પેટા ચૂંટણીઓના પરિણામોને ધ્યાને રાખીને કેટલાક નિર્ણયો લઈને પ્રજા લક્ષી કાર્યક્રમો જાહેર કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

આ નવરાત્રિમાં 'રામલીલા' ફેમ ચણિયા ચોળી યુવતિઓમાં ઈન ડીમાન્ડ

અવનવા સ્ટેપ્સ અને વેસ્ટર્ન ટચ સાથેના કોસ્ચ્યુમ્સ સાથે ધૂમ મચાવવા ખેલૈયાઓ તૈયાર : યુવતિઓમાં ટેટુઝ કરાવવાનું વધારે ઘેલું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરનાં યુવા હૈયાઓનો સૌથી મનગમતો તહેવાર નવરાત્રિના ઢોલ હવે ઢબુકવાની તૈયારીમાં છે ત્યારે ખેલૈયાઓ હાલ તેની તયારીમાં લાગી ગયા છે. છેલ્લા ત્રણ ત્રણ માસથી ગરબા કલાસમાં નવા સ્ટેપ્સની પ્રેકટીસ કરી રહેલ આ ખેલૈયાઓ હવે આ વર્ષે નવરાત્રિમાં અવનવા કેડિયા, ચણિયાચોળી અને અર્વાચીન ટેટુઝ દ્વારા ધૂમ મચાવવા કમર કસી રહ્યાં છે.

આ વર્ષે નવરાત્રિમાં યુવાનો વેસ્ટર્ન ટચ સાથેના કેડિયાં જેમાં કચ્છી ભરતગુંથણ અને કોડીના ઉપયોગ દ્વારા સજાવટ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

રાષ્ટ્રીય શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગના તાલીમાર્થીઓ

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગના તાલીમાર્થીઓએ ફિલ્મ પ્રોડકશન ક્ષેત્રે મકકમ ડગ માંડયા છે. ફિલ્મ નિર્માણની બારીકાઈઓ ખુબ જ ગંભીરતાપૂર્વક અને રસપૂર્વક શીખ્યા બાદ રાષ્ટ્રીય કક્ષાની એક ફિલ્મ નિર્માણ સ્પર્ધામાં ગાંધીનગરના નવ તાલીમાર્થીએ ભાગ લઈ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે વિશ્વાસપૂર્વક આગળ વધવાનું નક્કી કરી લીધું છે.

તાજેતરમાં જ યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની ઓલ ઈન્ડિયા શોર્ટ ફિલ્મ કોમ્પીટીશનમાં શ્રી જયેશ પંચોલીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી 'હાર્મોની ઓફ ઈમોશન્સ' નામની શોર્ટ ફિલ્મને મોકલી આપવામાં આવી છે. સંપૂર્ણ પણે ગાંધીનગરની કહી શકાય એવી આ ફિલ્મના સ્ક્રીપ્ટીંગથી માંડીને પોસ્ટ પ્રોડકશન સુધીની કામગીરી કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગના તાલીમાર્થીઓએ સંભાળી હતી. આ સ્પર્ધાની વિશેષતા એ છે કે કયા વિષય પર શોર્ટ ફિલ્મ બનાવવી તે વિષય માત્ર ૪૮ કલાક પહેલા જ જાહેર કરવામાં આવે છે. આ વર્ષે વિકાસ અને જનજીવન એ વિષય નક્કી કરવામાં આવ્યો હતો. શનિવારે અને રવિવારે બે દિવસની સખત મહેનત બાદ તૈયાર થયેલી શોર્ટ ફિલ્મ 'હાર્મોની ઓફ ઈમોશન્સ' સ્પર્ધા માટે મોકલી અપાઈ છે. લગભગ ૫ થી ૮ મિનિટની આ ફિલ્મનું દિગ્દર્શન નિસર્ગ રામીએ કર્યું હતું. જયારે મોના જોષી, રાજુલ કુમાર જોષી અને વિજય જયસિંઘાણીએ તેમાં અભિનય કર્યો હતો જયારે આસી. ડિરેકટર હિમાંશુ પરમાર, કુ મેમ્બર્સ આદિત્ય, કુશ ઠકકર, જીજ્ઞાસા રાવલ, ઝંકૃતિ રાવલ, નિકુલ વાઘેલા અને ઋજુતા જોષીએ સ્ક્રીપ્ટીંગ, કાસ્ટીંગ, લોકેશન, પ્રોડકશન અને પોસ્ટ પ્રોડકશનમાં સહયોગ આપ્યો હતો જયારે નેહા અને નિસર્ગ રામીએ રાઈટર તરીકે સેવા આપી હતી.

જાણિતા શિક્ષણવિદ્-વિદ્વાન કિરીટ જોશીનું અવસાન

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા અનેક પુસ્તકો મારફતે તેઓ વિદ્યમાન રહેશે : શિક્ષણમંત્રી ચુડાસમા

અમદાવાદ,તા. ૧૪

પ્રખર શિક્ષણવિદ્ અને બહુશ્રુત વિદ્વાન કિરીટભાઈ જોષીનું આજે વહેલી સવારે અવસાન થયું છે. શિક્ષણંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમના અવસાનથી ગુજરાતે એક બહુશ્રુત વિદ્વાન ગુમાવ્યા છે અને શિક્ષણ ક્ષેત્રે તેમની ખોટ ક્યારેય પુરાશે નહીં. ચુડાસમાએ જણાવ્યું છે કે સ્વર્ગસ્થ અર્વાચન યુગના ઋષિ અરવિંદના પૂર્મ યોગના ઉપાસક હતો. જોષીને શ્રદ્ધાંજલિ અર્પણ રતા સ્વર્ગસ્થને નૂતન યુગના ભાવિ શિક્ષણના પુરસ્કર્તા અને એક બહુશ્રૂત વિદ્વાન લેખાવી શિક્ષણ મંત્રીએ જણાવ્યું છે કે, ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા તેમના અસંખ્ય પુસ્તકો દ્વારા અક્ષરદેહે તથા દિવ્ય ચેતના દ્વારા ચેતનયમી દેહે તેઓ આપણી વચ્ચ વિદ્યમાન છે. ગુજરાતના મુખઅયમંત્રીના સલાહકાર તરીકે તેમની ભૂમિકા અદા કરતી વેળાએ તેમણે ચિલ્ડ્રન યુનિવર્સિટી, આઈઆઈટીઈ અને ગુજરાત શૈક્ષણિક નવીનીકરણ આયોગ દજેવા પ્રકલ્પોમાં સ્વ. કિરીટભાઈ જોશીનું બહુ મોટું યોગદાન હતું. પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે તેવી અભ્યર્થના પણ ચુડાસમાએ વ્યક્ત કરી હતી.

શિષ્યવૃતિની પરીક્ષા માટે ૨૫મી સુધી નોંધણી થશે

અમદાવાદ,તા. ૧૪

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે. ચાલુ વર્ષે આ પરીક્ષાની તારીખ નક્કી કરવા માટે પરીક્ષા સમિતિની બેઠક મળી હતી. જેમાં આ પરીક્ષા આગામી ૧૯મી ઓક્ટોબર અને રવિવારના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓ પરીક્ષા માટે અરજી કરવા માંગતા હોય તેમણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોરડની વેબસાઈટ ઉપર તારીખ ૨૫ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી બાળકોને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના સંયુક્ત ઉપક્રમે શિષ્યવૃતિ ફાળવવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટેના તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિષ્યવૃત્તિ પરીક્ષા લેવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે આ પરીક્ષાના આયોજનને આખરી ઓપ આપવા માટે મળેલી પરીક્ષા ૧૯ ઓક્ટોબર અને રવિવારના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે ઉત્સુક વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર તારીખ ૨૫ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ પરીક્ષામાં બેસવા માટે પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. જો કે, શિષ્યવૃત્તિ પરીક્ષા મોટ અરજી કરનાર વિદ્યાર્થીઓએ ગત પરીક્ષા ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક મેળવેલ હોવા છતાં આવશ્યક છે તેનાથી ઓછા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકશે નહીં.

શહેરના સરકારી મકાનોને થોરની વાડનો સહારો

મકાનોમાં અદ્યતન સુવિધાઓનીતરફેણ કરતી રાજ્ય સરકાર પાકો વરંડો બનાવી શકતી નથી

ગાંધીનગર, તા.૧૪

રાજ્યના પાટનગર ગાંધીનગરની વિશ્વના દેશોમાં આગવી ઓળખ ઉભી કરવા સરકાર દરેક ક્ષેત્રમાં આધુનિકતાને અપનાવી રહી છે. પરંતુ પાટનગરમાં આવેલ સરકારી મકાનો સુવિધાઓના અભાવે હાલ પણ ગ્રામ્ય કક્ષા જેવા ભાસી રહ્યા છે. આ મકાનોમાં વર્ષોથી થુવેરની વાડની આડસ ઉભી કરી વરંડા બનાવાયા છે. માળખાકીય અને જીવન ધોરણ સુધારતી નગરની અનેક શહેરી વસાહતો કરતાં સરકારી મકાનો હજુ પણ બીબા ઢાળ સુવિધાઓમાં જકડાયેલા છે માટે રાજ્ય સરકારે આ બાબતને પ્રાથમિકતા આપી શહેરી વસાહતોને છાજે તેવો ઓપ આપવો એ સમયની માંગ બની છે.

ગાંધીનગરમાં આવેલ દરેક સેકટરમાં સરકારના કર્મચારીઓ માટે વિભાગ અને દરજ્જા મુજબ સરકારી મકાનો બનાવાયા છે. આ સરકારી મકાનોમાં અદ્યતન સુવિધાઓનો અભાવે છે તે સિવાય મકાનની ફરતે થુવેરની વાડના વરંડા બનેલા છે. વર્ષોથી થુવેરની વાડ

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · R.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com